ગાંધીનગર સમાચાર

તા. ૧૫-૧૧-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

# ઝુઝારૂ નેતાઓની કાગવાણી

ચૂંટણી પંચ ગમે તેટલી નોટિસો પાઠવો કે ચીમકીઓ ઉચ્ચારે એથી રીઢા રાજકારણીઓની 'લૂલી'ને કોઈ ફેર પડતો નથી હોતો.

આદર્શ આચારસંહિતા એ પોથીમાંનાં રીંગણાં છે. એનો અમલ ખાલી 'બતાવવા'નો હોય છે. હકીકતમાં ૯૯.૯૯ ટકા રાજકીય અગ્રણીઓનો એનો એક યા બીજી રીતે હાલતાં કે ચાલતાં ભંગ કરતા ફરે છે. જેમ મોટા ભાગના ઉમેદવારો કાળાં નાણાંના જોરે ચૂંટણી લડતા હોય છે એમ લગભગ બધા જ રાજકીય નેતાઓ એમની પ્રચાર સભાઓમાં 'કાળવાણી' અને 'કાગવાળી' ઉચ્ચારતા ફરે છે. કાળવાણી એ અર્થમાં કે સામા પક્ષના અને સામા ઉમેદવારની સાત પેઢીઓનો કપોલકલ્પિત હિસાબ આપી જાણે એ દુનિયાના સૌથી મોટા ચોરલૂંટારા કે ચંબલના ડાકુ હોય એવી છાપ ઊભી કરવાનો પ્રયાસ કરાય છે. નરેન્દ્ર મોદી અને એમનાં પક્ષના અડવાણી સિવાયના મોટા ભાગના નેતાઓ કોંગ્રેસ વિશે આવી કાળવાણી ઉચ્ચારતા ફરે છે તો સામે ઈંટનો જવાબ પથ્થરથી આપવાની કુનેહ ધરાવતા દિગ્વિજયસિંહ જેવા કોંગ્રેસી નેતાઓ પણ ગાંજ્યા જાય એવા નથી. 'કાગવાણી' એટલે કાગડા જવા કર્કશ બોલ ઉચ્ચારવામાં પણ રાજકારણીઓ એકમેકની હરીફાઈમાં ઊતરે છે. ચૂંટણી પંચ નામની બંધારણીય સંસ્થા પાસે આવા અવિવેકની ફરિયાદ થાય ત્યારે બહુ બહુ તો એ સંબંધિત નેતાઓ કે પક્ષને કડક સૂચના પાઠવે છે અથવા ખુલાસો માગે છે. પરંતુ એથી સામા પક્ષને જે નુકશાન થઈ ગયું તે થોડું ભરપાઈ થઈ શકે? રાહુલ માટે 'શાહજાદા' જેવો કટાક્ષ કરીને મોદી એમને વંશાનુગત સામંતશાહીના પ્રતીક તરીકે સ્થાપે છે અને પોતે પ્રજાવંશી નેતા હોવાનું ઠસાવી તાળીઓ પડાવી શકે છે. નરેન્દ્ર મોદી નહેરૂ-ગાંધી પરિવાર વિશે જે કથોલાં વેણ ઉચ્ચારતા ફરે છે એની સામે એ પરિવાર બદનક્ષીનો દાવો માંડે તો જરૂર અદાલત એની ગંભીર નોંધ લે. પરંતુ ગાળાગાળી કરવી અને સાંભળી લેવી એ જાણે કે રાજકારણીઓનો વણલખ્યો વહેવાર બની ગયેલ છે. એટલે બેનીપ્રસાદ વર્મા કે દિગ્વિજયસિંહ ગમે ત્યારે, ગમે તેની વિરૂદ્ધ ગમે તેવાં અપમાનજનક નિવેદનો કરી શકે છે, તો સામા લોકો એમનું મગજ ફરી ગયું હોવાનું નિવેદન કરી મન મનાવી લે છે. દાખલા તરીકે પ્રત્યક્ષ રીતે કોઈ રાજકીય પક્ષમાં નહીં હોવા છતાં યોગગુરૂ રામદેવ કોંગ્રેસ અને ગાંધી પરિવાર વિશે કોઈ પણ સાધુ સંતને ન શોભે એવા હલકા શબ્દો વાપરતા ફરે છે. ગાંધી પરિવાર એમની નોંધ સુદ્ધાં લેવામાં હીણપત સમજે છે પરંતુ દિગ્વિજયસિંહ એ ભગવાધારીને 'ઠગ' કરીને નવાજે છે. તેઓ મોદીને 'અભણ' નેતા ગણાવી એણના માટે કોચિંગ કલાસ ચાલુ કરવાની ભલામણ કરે છે. સમાજવાદી પક્ષના પ્રવકતા નરેશ અગ્રવાલ ચા વેચનારો વડાપ્રધાન બની શું ઉકાળશે - એવું પૂંછી બેસે છે. આવી બાબતો અખબારો અને મીડિયા મારફત પ્રજા સમક્ષ પહોંચે છે ત્યારે એના વિવિધ પ્રકારના પ્રત્યાઘાત પડે છે. ગાળાગાળી, આક્ષેપો, ગલીચ-અભદ્ર ભાષા વખત પૂરતી તાળીઓ રળવામાં મદદરૂપ બનતાં હશે પરંતુ થોડા વખત પછી ઠંડા કલેજે વિચારતાં એવી ભાષા વાપરનારા વક્તા કે પ્રવક્તા પ્રત્યે લોકોને સૂગ જ જાગતી હોય છે. રાહુલ ગાંધી પ્રમાણમાં વિવેકી ભાષા વાપરનારા નવયુવાન નેતા છે પરંતુ ભાજપના આક્રમક નેતાની સામે આમ જનતામાં ટકવા માટે એમને પરાણે 'એંગી યંગ મેન'ના બીબામાં ઢળવું પડ્યું છે અથવા પાર્ટી પાર્ટીએ ઢાળવા પડ્યા છે. એમના સ્વભાવગત સૌમ્ય વ્યવહાર સાથે એમની મોદી બ્રાન્ડ બૂમબરાડાવાળી ભાષાનો મેળ જ બેસતો નથી પરંતુ શું કરે? મજબૂરી છે. હાકલા પડકારાથી સભારંજન કરતા પ્રતિસ્પર્ધી સામે એની જ ભાષા વાપરવી પડે એવી સ્થિતિ સર્જાઈ છે. મોદીને એમનાં 'ખૂની પંજા' વાળા ભાષણ માટે ચૂંટણી પંચે નોટિસ ફટકારી છે. રાહુલ ગાંધીને આઈએસઆઈ મુઝફ્ફનગરનાં રમખાણોમાં સર્વસ્વ ગુમાવી ચુકેલા મુસલમાન યુવાનો સાથે સંપર્કમાં હોવાની ચર્ચા કરવા બદલ ખુલાસો પૂછવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીની વાતમાં દમ છે એવું ખુદ ભારતીય જનતા પાર્ટી પણ સમજે છે, પરંતુ મુસલમાનોને સારૂં લગાડવા માટે અને એમને કોંગ્રેસથી વિમુખ કરવાના દુરાશયથી એ મુદ્દે એ હોબાળો મચાવી શકે છે. ચૂંટણી પંચ રાહુલને ઠપકો આપીને આગળ ઉપર આવી ભૂલ નહીં. કરવાની શિખામણ આપતાં ઉમેરે છે કે રાહુલ ગાંધીના ખુલાસાથી એને સંતોષ નથી થયો. કોઈ ધર્મ સંપ્રદાયનો આ રીતે જાહેરમાં ઉલ્લેખ કરવો ઉચિત નથી! જરા ઊંડું વિચારીએ તો રાહુલે કશું જ ખોટું નથી કહ્યું, પરંતુ જે કહ્યું છે તે એક સંપ્રદાય વિશેષની લાગણીઓને ઠેસ પહોંચાડનારૂં છે તો છે જ. જો કે એથી હકીકત તો હકીકત જ રહે છે. દેશહિતમાં ધર્મ-સંપ્રદાયને રાજકારણમાં નહીં ઘસડવાની આદર્શ આચારસંહિતા કોઈ પણ રાજકીય પક્ષ પાળી શક્યો નથી. ભાજપ હિંદુત્વનું કાર્ડ ખેલે છે અને પાછો મુસલમાનોની વકીલાત કરવાની - 'સદ્‌ભાવના' દાખવવાની તક પણ ઝૂંટવી લે છે. બેનીપ્રસાદ તો આ મુદ્દે બધાથી ચાર ચાસણી ચડે એવા નેતા છે. વાણીનો વિવેક કોને કહેવાય તે પંડિત નહેરૂ અને જયપ્રકાશ નારાયણ જેવા નેતાઓ પાસેથી શીખવા જેવું છે. ભાજપના વરિષ્ઠ નેતાઓમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી પછી ભાષાવિવેક દાખવવામાં જસવંતસિંહ અને અરૂણ જેટલીનો ઉલ્લેખ કરવો પડે. ઈંદિરા ગાંધી કે રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીએ ભાગ્યે જ વાણી વિવેકનું ઉલ્લંઘન કર્યું હશે. મોદીને 'મોતના સોદાગર' કહેવાનું એમને ભારે પડી ગયું હતું તે જગજાહેર છે. ભાષાની તાકાત સીધી રજૂઆત કરતાં આવી સનસનાટીપૂર્ણ અને આલંકારિક ભાષામાં વિશેષ પ્રગટતી હોય છે પરંતુ તે કયારેક બૂમરેંગ પણ થઈ શકે છે. ચૂંટણીપંચ કરતાં આ મુદ્દે ખરી સજા તો પ્રજા જ કરી શકે.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા પુરસ્કાર યોજના

ગાંધીનગર, તા.૧૪

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય પુરસ્કૃત નહેરુ યુવા કેન્દ્રના ગાંધીનગર એકમ દ્વારા જિલ્લા કક્ષાની યુવા પુરસ્કાર યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્વૈચ્છિક સેવા અને યુવા ક્ષેત્રે કાર્યરત યુવા મંડળ અથવા મહિલા મંડળોનો વિકાસ થાય અને સમાજસેવાની પ્રવૃત્તિને વેગ મળે તે માટેનો છે. આ યોજનામાં ભાગ લેવા માટે તા. ૨૫મી નવેમ્બર સુધી અરજી ફોર્મ ભરી દેવાના રહેશે.

આ યોજનામાં જે મંડળોએ સમાજસેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે તેમજ સામાજીક પરિવર્તનમાં અથવા વિકાસ ક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરી છે તેવા શ્રેષ્ઠ યુવક મંડળ અથવા મહિલા મંડળને રૂ. ૧૦૦૦૦ જિલ્લા કક્ષાએ પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવશે. આ મંડળોએ ખાસ કરીને રાષ્ટ્રિય એકતા, શાંતિ, સદભાવના, કોમી એકતા, સાક્ષરતા અભિયાન, પર્યાવરણ સુરક્ષા, રકતદાન, સાહસિક પ્રવૃત્તિ, સામુદાયિક વિકાસ, ગરીબી નિવારણ કાર્યક્રમ, જાહેર આરોગ્ય, સ્વરોજગાર લક્ષી તાલીમ, મહિલા સશકિતકરણ, સમાજ કલ્યાણ અને વ્યસનમુકિત વગેરેને લગતી વિવિધ પ્રવૃત્તિઓમાં કામગીરી કરેલ હોવી જોઈએ. જિલ્લા કક્ષાએ વિજેતા થનાર મંડળને રાજયના પુરસ્કાર માટે પણ ભલામણ કરવામાં આવશે. આ યોજનામાં નોંધણી કરાવવા અરજીપત્રક નહેરુ યુવા કેન્દ્રની સે-૩૦ની ઓફિસેથી વિના મુલ્યે મળી શકશે.



પ્રજાસત્તાક દિનની પરેડ માટેનો એન.એસ.એસ.નો પસંદગી કેમ્પસ ગાંધીનગર ખાતે આજે સંપન્ન થયો હતો. છેલ્લા ૭ દિવસથી ચાલતા આ રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિરમાં વિદ્યાર્થીઓને વિવિધ તજજ્ઞોનો સંબોધન કર્યું હતું અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કૃતિઓનું આયોજન કરાયું હતું. સમાપન સમારોહમાં શિબિરના મુખ્ય આયોજન ડૉ. રણછોડ રથવીને મોમેન્ટો આપીને બહુમાન કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

### ૨૪ સાયન્સ કોલેજો ખોલવા અરજી આવી

# સાયન્સમાં ઘસારો વધતા કોલેજો ખોલવા ઘોડાપુર

## ગુજરાત યુનિવર્સિટીને મળી રહેલી સાયન્સ કોલેજ માટેની દરખાસ્તોમાં ઘરખમ વધારો : વિજ્ઞાન પ્રવાહમાં ક્રેઝ વધ્યો

અમદાવાદ, તા.૧૪

ઉચ્ચ શિક્ષણમાં બદલાતા જતાં પ્રવાહો વચ્ચે ચાલુ વર્ષે સાયન્સ પ્રવાહમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ઘસારો રહ્યો હતો. જેના પરીણામ સ્વરૂપે ગુજરાત યુનિવર્સિટીને સાયન્સ કોલેજો ખોલવા માટે મળતી અરજીઓમાં પણ ઘરખમ વધારો થયો છે. યુનિવર્સિટીના સત્તાવાર સુત્રો દ્વારા પાર્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષે યુનિવર્સિટીને અત્યાર સુધી નવી ૨૪ સાયન્સ કોલેજો ખોલવા માટેની અરજીઓ મળી છે.

વર્ષે વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. જેનાં કારણે યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓના આ ઘસારાને પગલે ગુજરાત યુનિવર્સિટીને સાયન્સ કોલેજો ખોલવા માટે મળતી દરખાસ્તોમાં ઘરખમ વધારો થયો છે. ચાલુ વર્ષે વિવિધ સંસ્થાઓ દ્વારા યુનિવર્સિટીને નવી ૨૪ સાયન્સ કોલેજો ખોલવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા દરખ્સાત મળી છે. યુનિવર્સિટી દ્વારા નવીન ૨૪ સાયન્સ કોલેજો દ્વારા કરવામાં આવેલ દરખાસ્તના સંદર્ભે પ્રારંભિક ચકાસણીની કવાયત પણ શરૂ કરી દીધી છે. જેમાં રાજકીય અગ્રણીઓ સંસ્થાઓ પણ સાયન્સના વહેતા પ્રવાહમાં કોલેજ શરૂ કરવા માટેની દરખાસ્ત યાદીમાં સમાવિષ્ટ છે. જો કે કોલેજોને જોડાણ આપતા પહેલા યુનિવર્સિટી દ્વારા અનેક પ્રકારની ચકાસણી કરવામાં આવશે. જે સંદર્ભે યુનિવર્સિટીએ સંબંધિત દરખાસ્તની પ્રારંભિક શરૂ કરી દીધી છે. કોલેજ મતે પર્યાપ્ત જમીન સહિત શૈક્ષણિક, ભૌતિક સવલતો અંગેના ડોક્યુમેન્ટની ચકાસણી બાદ ઉડાણ પૂર્વકતી તપાસ કરાશે ત્યારબાદ કોલેજની જોડાણ માટે મંજુરી કે નામંજુરીનો ઈસી બેઠકમાં નિર્ણય લેવાશે. તેમ યુનિવર્સિટીના સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે-ત્રણ વર્ષથી સાયન્સ કોલેજ તરફ વિદ્યાર્થીઓનો જવાબ વધ્યો છે જેનો આર્થિક લાભ લેવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા સાયન્સ કોલેજ શરૂ કરવા માટેની તૈયારીઓ થવા લાગી છે ત્યારે આગામી જુન ૨૦૧૪થી વધુ ૨૪ સાયન્સ કોલેજ શરૂ કરવા માટેની અરજીઓનો થાકે યુનિવર્સિટીમાં ખડકાયો છે જો તમામ સંસ્થાને કોલેજ જોડાણની મંજુરી મળી જાય તો એક જ વર્ષમાં યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોની સંખ્યા ત્રણ ઘણી થઈ જશે.

## ૨૦૦ વર્ષ જુના પુસ્તકોનું પ્રદર્શન : હજારો પુસ્તકો

આધુનિક સમયમાં વિવિધ પ્રકારના પુસ્તકો માર્કેટમાં ઉપલબ્ધ છે. પરંતુ જુના સમયના પુસ્તકો વાંચવા માટે વાચકોએ ફરજીયાત બ્રીટીશ લાયબ્રેરી, એમ.જે. લાયબ્રેરી કે વિદ્યાપીઠની લાયબ્રેરીનો સહારો લેવા પડે છે. તેમાંય પુસ્તકો ગોતવાની જફામારી તો ખરી જ. ત્યારે વાચકોની આ મુશ્કેલી દુર કરવા માટે ભો.જે. વિદ્યાભવન દ્વારા શહેરના આશ્રમ રોડ ઉપર આજથી જુના પુસ્તકો ઉપર ખાસ સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે જેમાં ઈ.સ. ૧૮૨૮ ની ઈસપની વાર્તાઓ, સો જેટલા બાળબોધ, બાળ સંસ્કાર, બાળ રમતો, વિજ્ઞાન, ગુજરાતનો રાજકીય સાંસ્કૃતિક ઈતિહાસ, અમદાવાદનો ઈતિહાસ, ઔષધી કોષ, ગ્લોસરી, બુદ્ધિ પ્રકાશ જેવા પુસ્તકો, બાળ સાહિત્યો, મેજેઝીનોનું પ્રદર્શન મુકવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાશે

ગાંધીનગરની સરકારી જિલ્લા પુસ્તકાલય સે. ૨૧ ખાતે રાષ્ટ્રિય ગ્રંથ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પુસ્તક પ્રેમીઓ માટે તા. ૧૫ નવેમ્બર સવારે ૯.૩૦થી ૧૧.૩૦ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન અદ્યતન પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ નિમિત્તે બાળગીત અને અભિનય ગીત સ્પર્ધા

રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી નિમિત્તે સેકટર-૨૧માં આવેલા સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા તારીખ ૧૭મી નવેમ્બરે બાળગીત અને અભિનયગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા સંસ્કારગૃપ અને સાબર કલાવૃંદના સંયુકત ઉપક્રમે યોજાનાર છે. આ સ્પર્ધામાં ગાંધીનગર શહેરના બાલમિત્રોને ભાગ લેવા માટે પોતાના નામ, સરનામું અને મોબાઈલ નંબર જિલ્લા ગ્રંથપાલ જયરામ દેસાઈ, સંસ્કાર ગૃપના તુષાર દવે અથવા સાબર કલાવૃંદના ભીખુ કવિનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજે અનોખી રીતે નૂતન વર્ષ આવકાર્યું

ગાંધીનગરની સંસ્થા સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા નૂતન વર્ષ નિમિત્તે શહેરમાંવસતા ૨૩ માનસિક વિકલાંગોને ધાબળા અને નવા ગરમ વસ્ત્રો તેમજ અનાથ આશ્રમની દિકરીઓને કાનેઅને ગળામાં પહેરવાના મોતીના સેટ, ઝુંપડપટ્ટીમાં રહેતા વનવાસી બંધુઓની દીકરીઓને નવા ફ્રોક, બાળકોને નવા શર્ટ, મોટી વ્યકિતઓને દરેકને ગરમ ધાબળા ઉપરાંત વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોને પણ ગરમ ધાબળા, વૃધ્ધાઓને નવી સાડીઓનું વિતરણ કરી અનોખી રીતે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જરુરિયાતમંદોને સહાયરુપ બની નવા વર્ષે તેમના ચહેરા પર સ્મિત રેલાવવા આ સેવાકીય પ્રવૃત્તિ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર-કચ્છ સમાજના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## હરિની દૃષ્ટિ...



સાંભળ્યું રોબર્ટે આત્મહત્યા કરી...! આપણાં ઓફિસમાં પણ રોબર્ટ છે... મને તો રેપની બીક લાગે છે...!!

# માનવ સેવા મંડળે દિવાળીમાં ગરીબોને મીઠાઈનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૧૪

માનવ સેવા મંડળ ગાંધીનગર દ્વારા દિવાળી પર્વ પ્રસંગે મોહનથાળ, ફુલવડી, નારંગી, કેળા, બિસ્કીટનું વિતરણ ક્રિષ્ણા વૃધ્ધાશ્રમ, ચાઈલ્ડ હેવન ઈન્ટરનેશનલ, નારી કેન્દ્ર, સિવિલ હોસ્પિટલ, રીમાન્ડ હોમ, કૈલાસધામ વૃધ્ધાશ્રમ-પેથાપુર, માનવ સ્મૃતિ સરગાસણ, ઝુંપડાવાસના લોકોને વિતરણ કરેલ હતું.

ગરીબ જરુરીયાતમંદોને દવા પણ લાવી આપવામાં આવે છે. ગરીબોને પગરખાં, શિયાળામાં ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવે છે. કનુભાઈ દવે, પ્રફુલ્લભાઈ રાવલ, અશ્વિનભાઈ ત્રિવેદી, આર.કે. પટેલ, નીતિનભાઈ વાઘેલા, નવીનભાઈ કાછીયા, કૌશિકભાઈ પટેલ, કિરીટસિંહ વાઘેલા હાજર રહ્યા હતાં.

માનવ સેવા મંડળ દ્વારા બીજા-ચોથા રવિવારે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડ ખોડિયાર માતાના મંદિર પાસે વિતરણ કરે છે. દાન કરવા માટે ફોન નં. ૨૩૨૩૫૪૩૨, ૯૪૦૮૨ ૮૮૭૭૦નો સંપર્ક કરવા જણાવેલ છે.

# જેસીઆઈ વર્લ્ડ પ્રેસિડન્ટ તરીકે ૩૫ વર્ષ બાદ ભારતીય શાઈન ભાસ્કરનની નિમણુંક

ગાંધીનગર, તા.૧૪

જુનીયર ચેમ્બર્સ ઈન્ટરનેશનલ (જેસીઆઈ)ના વર્લ્ડ પ્રેસિડન્ટ તરીકે ૩૫ વર્ષ બાદ ભારતીય શાઈન ભાસ્કરનની નિમણુંક કરવામાં આવી છે. નવેમ્બર ૪ થી ૯ સુધી બ્રાઝિલ ખાતે યોજાયેલી જેસીઆઈની ૬૮મી વર્લ્ડ કોંગ્રેસમાં શ્રી ભાસ્કરનને વર્લ્ડ પ્રેસિડન્ટ તરીકે ચુંટવામાં આવ્યા. તેમણે આ વર્ષ માટે 'યુનાઈટેડ ટુ ઈમ્પેકટ' થીમ આપી છે. જેસીઆઈના પ્રેસિડન્ટ શ્રી જુગલ કિશોરજી, ઝેડ વી.પી. શ્રી દિલીપ, જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખશ્રી કેતન નિર્મલ અને સમગ્ર ટીમે શ્રી ભાસ્કરનની નિમણુંકને આવકારી છે.

# ભરતનાટ્યમ્ નૃત્ય શૈલી એ મારી જીવનગાથા છે, ઘૂંઘરૂની લયબદ્ધતા એ મારા હૃદયના ધબકાર છે અને નૃત્યમાં અભિનય તથા મુદ્રાઓ થકી હલનચલન એ મારો શ્વાસ છે : અમીબેન વંકાણી

શાસ્ત્રીય નૃત્ય અને સંગીત પ્રાચીન કાલથી લોકજીવન સાથે સંકળાયેલા છે. શાસ્ત્રીય નૃત્ય સામાજિક જીવનની સાથે આધ્યાત્મિક મહત્ત્વ પણ ધરાવે છે. શાસ્ત્રીય નૃત્ય અનેરા ભાવ સાથે જોડાયેલું છે. શાસ્ત્રીય નૃત્ય શીખવા માટે અને પછી રજૂ કરવા માટે વર્ષોની સાધના કરવી પડે છે. વર્તમાન સમયમાં વેસ્ટર્ન ડાન્સ રૂપી વાવાઝોડા વચ્ચે પણ શાસ્ત્રીય નૃત્યમાં રહેલી પવિત્રતા, શુદ્ધતા અને ભાવ થકી શાસ્ત્રીય નૃત્ય સદાય જીવંત હતું, છે અને રહેશે.

શાસ્ત્રીય નૃત્યના વિવિધ પ્રકારોમાંના એક ખૂબ જાણીતા અને પ્રચલિત પ્રકાર ભરતનાટયમ્‌ના જાણીતા અને જાજરમાન નૃત્યાંગના અને કલાગુરૂ એવા ગાંધીનગરના શ્રીમતી અમી સંજણ વંકાણીનો પરિચય મેળવીએ.

૧૩મી ડિસેમ્બર, ૧૯૭૪ ના રોજ વલ્લભીપુર મુકામે (જિ. ભાવનગર) પિતા પદમાકરભાઈ મહેતા અને માતા વિમળાબેનના ઘરે પુત્રી અમીનો જન્મ થયો. પિતાજી સરકારી પ્રેસ, રાજકોટમાં નોકરી કરતા હતા, જયાંથી ૧૯૭૭ માં બદલી થતાં, પદમાકરભાઈ - વિમળાબેન પુત્રીઓ આકાંક્ષા અને અમી સાથે ગાંધીનગર વાસી બન્યા. ખૂબ નાની ઉંમરથી નૃત્યના શોખનાં કારણે અમીએ કલાગુરૂ નીરાબેન શાહ પાસે ભરત નાટયમ્‌ની તાલીમ લેવાનું શરૂ કર્યું. કડી વિદ્યાલયમાં શાળાભ્યાસ સાથે સાથે અમીએ નૃત્ય તેમજ ગરબાના અનેક કાર્યક્રમોમાં ભાગ લેવાનું શરૂ કર્યું, અને સાથે ઈનામો પણ મેળવ્યા. પાંચ વર્ષની સફળતાપૂર્વક ભરતનાટયમ્‌ની તાલીમ મેળવીને ૧૯૮૮થી 'નૃત્ય ભારતી એકેડેમી; અમદાવાદમાં ગુરૂ ઈલાક્ષીબેન ઠાકોર પાસે તાલીમ મેળવવાનું શરૂ કર્યું અને દેવાધિદેવ નટરાજની કૃપાથી અમીબેને નૃત્યા ભરતીમાંથી 'આરંગેત્રમ્' પૂર્ણ કર્યું.'

અમીબેને કૉલેજ અભ્યાસ એચ.કે. કૉલેજ, અમદાવાદથી કરીને ત્યાંથી બી.એ.ની અને એ પછી ગુજરાત યુનિવર્સિટી ભવનમાંથી એમ.એ.ની પદવી મેળવી. કૉલેજ અભ્યાસ દરમિયાન યુથ ફેસ્ટીવલ, ઈન્ટર કૉલેજ, યુનિવર્સિટી સ્પર્ધા વિ.માં શાસ્ત્રીય નૃત્ય અને ગરબામાં અમીબેન ભાગ લેતા. યુવક મહોત્સવોમાં રજૂ થતાં શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં અમીબેનના કલાવૈભવથી દર્શકો મંત્રમુગ્ધ બની જતા. અનેક ઈલ્કાબો મેળવીને અમીબેને યશસ્વી કૉલેજ કારકિર્દી પૂર્ણ કરી. કૉલેજ અભ્યાસ સાથે અમીબેનની નૃત્યયાત્રા તો રૂમઝૂમવા લાગી જ હતી. નૃત્ય ભારતી અકાદમીની શિષ્યાઓના આરંગેત્રમ્‌માં ડેમોન્સ્ટ્રેશન, એંકરીગ, અને સહાયક તરીકે વર્ષો સુધી અણીબેને સેવા આપી. કલાગુરૂ ઈલાક્ષીબેનના માર્ગદર્શનમાં ૧૯૯૨માં ભરતનાટ્યમ્‌માં વિશારદ્‌ની ગૌરવવંતી પદવી પ્રાપ્ત કરીને ગાંધીનગરમાં ગુરૂ નિરાબેનના સહાયક કરી કે અમીબેને સેવા આપવાનું શરૂ કર્યું.

કૉલેજ અભ્યાસ પૂર્ણ થતાં અમીબેને ગાંધીનગરમાં (કર્મભૂમિ) પોતાની કલાના કસબ પાથરવાનું શરૂ કર્યું. રૂપલ શાસ્ત્રી અને શુચિબેન બુચ દ્વારા ચલાવાતા ગ્રુપ 'માર્ગમ્' માં અમીબેન ગરબે પણ ઘુમતા અને સુંદર કોરીયોગ્રાફી કરાવતા. 'માર્ગમ' સંસ્થામાંથી સમગ્ર ગુજરાત અને રાજય બહાર અનેક કાર્યક્રમો આપી નામના મેળવી. ગાંધીનગરના ગરબાવિદ્ મુક્તિબેન વૈષ્ણવના ગ્રુપમાંથી પણ અમીબેને અનેક ગરબા કાર્યક્રમો, સ્પર્ધાઓ વિ.માં ભાગ લીધો. આ ગરવા નૃત્યાંગના અમીબેને ૨૦૦૧ થી ગાંધીનગરમાં પંચદેવ મંદિર તથા કૃષ્ણકાન્ત જહાના નિવાસસ્થાન પર ગરબા વર્ગો ચાલુ કર્યા. ગાંધીનગરની અનેક દીકરીઓએ અમીબેન પાસે તાલીમ લેવાનું શરૂ કર્યું.

નૃત્ય સાધ્ય અને સાધક જેવું છે. નૃત્ય એ ભગવાનનું તાદાત્મ્ય સાધવાનો સીધો માર્ગ છે, એમ માનતા અમીબેન નૃત્યક્ષેત્રે આગળ વધવાનું અને બીજી દીકરીઓને પણ આ પવિત્ર અને આધ્યાત્મિક જીવનની અનુભૂતિ કેમ ન કરાવવી એવા સ્વપ્ન સાથે ૧૯૯૫માં 'નૃત્યકલા સંસ્તા'ની સ્થાપના કરી અને ભરત નાટ્યમ્ નૃત્યના વર્ગો પંચદેવ મંદિર ખાતે ચાલું કર્યા.

૧૯૯૫માં જ અમીબેન ગાંધીનગરના સંજયભાઈ વંકાણી સાથે લગ્નગ્રંથીથી જોડાયા, અને પતિ સંજયભાઈ અને પરિવારના તમામ સભ્યોના સહકાર વડે અમીબેનના નૃત્યવર્ગો પણ શરૂ થયા. ૧૯૯૫માં સર્વપ્રથમ ૩૦ દીકરીઓ તાલીમ લેવા જોડાઈ જે ત્રણ મહિનામાં ૧૦૦ ઉપર સંખ્યા થઈ ગઈ હતી! અમીબેનની આ ક્ષેત્રની નિપુર્ણતા અને કલારૂચિના કારણે ધીમે ધીમે અમીબેનનું શિષ્ય વૃંદ વધવા લાગ્યું. છેલ્લા સત્તર વર્ષથી ચાલતા 'નૃત્ય કલા સંસ્થા' ના વર્ગોમાં અત્યાર સુધી ૩૦૦૦ જેટલી દીકરીઓએ અમીબેન પાસે નૃત્યની તાલીમ મેળવી છે. અમીબેન પાસે નૃત્યની તાલીમ મેળવીછે. અમીબેનની નૃત્યયાત્રાનો એક મુકામ

## કેફિયત કલા સાધકની

**આશા સરવૈયા**



આપણને સૌને રાજી કરી મુકે એવો છે - ૧૫૩ (એકસો ત્રેપન શિષ્યોને આરંગેત્રમ્ કરાવી ભારતનાટયમ્ નૃત્ય કલામાં અમીબેને પારંગત બનાવી! આ સિદ્ધિ ખરેખર અભિનંદનીય છે!

અમીબેનના શિષ્યવૃંદે અનેક સુંદર કાર્યક્રમો આપીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા છે. જેમાં 'નૃત્ય કલા સંસ્થા'ની બાળાઓએ -

(૧) રમતગમત, યુવા સંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ આયોજિત 'કલ કે કલાકાર'માં પસંદ થઈ અનેક જગ્યાએ રાજયમાં કાર્યક્રમો રજૂ કર્યા છે.

(૨) શાળા અને કૉલેજ યુવક મહોત્સવોમાં શિષ્યાઓ એ પોતાની કલાનો પરિચય કરાવ્યો છે.

(૩) નહેરૂ યુવક કેન્દ્ર અને યુથ હોસ્ટેલ આયોજિત અનેક કાર્યક્રમોમાં શિષ્યાઓએ પર્ફોર્મન્સ આપ્યા છે. અમીબેને રજૂ કરાવેલા અનેક પર્ફોર્મન્સ શહેર અને રાજયમાં જાણીતા બન્યા છે.

(૪) ગાંધીનગરના ખૂબ જાણીતા ગણેશોત્સવ અને દુર્ગોત્સવમાં કાર્યક્રમની શરૂઆત 'નૃત્ય કલાસંસ્થા'ની દીકરીઓની સ્તુતિ વડે જ શરૂ થાય છે.

(૫) ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત પ.પૂ. મોરારી બાપુની કથાના પ્રારંભે અમીબેનના શિષ્યવૃંદે રજૂ કરેલ ગણેશવંદના નૃત્યથી વાતાવરણ ભાવ સભર અને ભક્તિમય બની ગયું હતું.

(૬) સૌરાષ્ટ્ર, કચ્છ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા અમીબેનના વૃંદના સ્ટેજ શોનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં ૧૨ કૃતિઓની જોરદાર રજૂઆત કરી ભારે ચાહના મેળવી હતી. આવો ભવ્ય કાર્યક્રમ તૈયાર કરાવવા બદલ કલાગુરૂ અમીબેનનું સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળે સન્માન પણ કર્યું હતું. ઉપરાંત...

(૭) રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા વખતોવખત યોજાતા કાર્યક્રમોમં નૃત્ય કલા સંસ્થાની દીકરીઓએ અનેક કાર્યક્રમો રજૂ કરેલ છે.

૧૯૯૯થી અમીબેન ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ શાળામાં પોતાની 'નૃત્ય કલા સંસ્થા'ના વર્ગો ચલાવે છે. હાલમાં દસથી વધારે વિદ્યાર્થીનીઓ વિશારદની ડીગ્રી મેળવવા જઈ રહી છે. કલા ગુરૂ અમીબેન પાસે તૈયાર થયેલી શિષ્યાઓમાં હેતા વ્યાસ અને ગાર્ગી શાહ અમેરિકામાં હાલ નૃત્યના વર્ગો ચલાવી રહી છે અને પોતાના ગુરૂ, ગાંધીનગર અને ગુજરાતને ગૌરવ અપાવી રહી છે. ખુશ્બુ દેસાઈ ગાંધીનગર ખાતે, હેલી ગાંધી ભૂજ-કચ્છમાં અને જીનલ જોષી પણ પોતાના વર્ગો ચલાવી છે. આ સૌનું અમીબેનને ખૂબ ગૌરવ છે.

અમીબેન મહા ગાંધર્વ વિશ્વ વિદ્યાલય, પૂના દ્વારા લેવાતી વિશારદ પદવી સુધીની પરીક્ષાઓમાં નિયમિત સ્વરૂપે પરીક્ષક તરીકે સેવાઓ આપે છે. સમગ્ર ગુજરાત (સુરત, વાપી, બરોડા, જામનગર, રાજકોટ, ભાવનગર) અને રાજય બહાર તેઓ પરીક્ષા લેવા જાય છે.

શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે અણમોલ પ્રદાન બદલ અમીબેનનું ૨૦૦૫-૦૬ માં અવસર સંસ્થા દ્વારા, ૨૦૧૦માં સૌરાષ્ટ્ર - કચ્છ મિત્ર મંડળ દ્વારા અને ૨૦૧૨ માં ગાંધીનગર યુવા કોંગ્રેસ તરફથી 'રાજધાની રત્ન સન્માન' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

અમીબેનની નૃત્ય સંસ્થા આવરિત ચાલુ જ છે. હાલમાં ૫૫ બાલિકાઓ અમીબેન પાસે તાલીમ મેળવી રહી છે. ઉપરાંત ભરત નાટ્યમ્ ક્ષેત્રે ભગવાનની સ્તુતિઓ પર નવું સંશોધન કરી નૃત્યોની નવી કોરીયોગ્રાફી કરી રહ્યા છે. વિશારદની તાલીમ મેળવતી દીકરીઓને નવા નવા ગીતો લઈને સુંદર કોરીયોગ્રાફી વડે અમીબેન સજાવે છે. આ યુવા નૃત્યાંગનાઓનાં ભરતનાટયમ્‌નાં તાલે ગાંધીનગરની હવામાં ઘૂંઘરૂંઓના સૂર વહેતા થઈ ગયા છે અને લોકો ભરતનાટ્યમ્‌થી સંમોહિત થઈ ગયા છે.

શાસ્ત્રીય નૃત્ય, ગરબા, લોકનૃત્યો વિ.માં નિષ્ણાત અમીબેને ગાંધીનગર અને ગુજરાતમાં પણ અનેક સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી છે અને આપે છે. ગુજરાત યુનિ. યુવક મહોત્સવો, કડી સર્વ વિશ્વવિદ્યાલયના મહોત્સવો, યુથ હોસ્ટેલ આયોજિત કાર્યક્રમો, ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગરબા મહોત્સવ, લાયન્સ કલબ, સહિયર ગ્રુપ, રૂદ્ર ગ્રુપ વિ. આયોજિત ગરબા કાર્યક્રમોમાં અમીબેન વર્ષોથી નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે.

સરળ, શાંત, સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા અમીબેનનું સમગ્ર જીવન નૃત્ય સમર્પિત છે. નૃત્ય સાધવાની પ્રાપ્તિ માટે પતિ સંજયભાઈ, પુત્રી ચિનાર (સેંટ ઝેવિયર્સમાં અભ્યાસ કરે છે અને નૃત્યકલામાં નિપૂણ) તથા તેમના કુટુંબ તરફથી અમીબેનને સંપૂર્ણ સાથ, સહકાર, પ્રોત્સાહન અને હૂંફ સતત મળતા રહે છે. તેઓએ પોતાની આગવી કળા, આત્મવિશ્વાસ, અથાગ પરિશ્રમથી દરેક કલાપ્રેમી ઘર અને હૃદયમાં નામ ગુંજતું કર્યું છે.

અમીબેનની નૃત્યસાધક શિષ્યાઓ ગુરૂ-દીદી-મેડમ-ટીચરજીને ભારબૂર્વક વંદન કરે છે અને પ્રેમાળ દીદી પાસેથી તાલીમ મેળવીને ગર્વ અનુભવે છે.

'ભરતનાટ્યમ્ નૃત્ય શૈલી એ મારી જીવનગાથા છે. ઘૂંઘરૂની લયબદ્ધતા એ મારા હૃદયના ધબકાર છે અને નૃત્યમાં અભિનય તથા મુદ્રાઓ થકી હલનચલન એ મારો શ્વાસ છે.' એમ માનનારા, કલાગુરૂ અમીબેન વંકાણીની ઉત્તરોઉત્તર પ્રગતિ માટે અનેક અનેક શુભકામનાઓ.